ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૨૭/૦૫/૨૦૨૨

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા યોજાયેલા સંવાદમાં એલ એન્ડ ટીના સીઇઓ એન્ડ એમડી એસ. એન. સુબ્રમણ્યમે ઉદ્યોગકારો સાથે ચર્ચા કરી

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા ગુરૂવાર, તા. ૨૬ મે, ૨૦૨૨ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે સુરત મેરીયોટ હોટેલ ખાતે દેશની પ્રતિષ્ઠીત એન્જીનિયરીંગ કંપની લાર્સન એન્ડ ટુબ્રો લિમિટેડના ચીફ એક્ઝીક્યુટીવ ઓફિસર એન્ડ મેનેજિંગ ડિરેક્ટર એસ. એન. સુબ્રમણ્યમની સાથે એક સંવાદ યોજાયો હતો. જેમાં તેઓએ ચેમ્બરના સભ્યો તથા ઉદ્યોગ આગેવાનો સાથે ઉદ્યોગને સ્પર્શતા મુદ્દાઓ અંગે ચર્ચા કરી હતી.

એસ. એન. સુબ્રમણ્યમે લાર્સન એન્ડ ટુબ્રોએ લોન્ચ કરેલા નવા B2B પ્લેટફોર્મ L&T - Sufin અંગે ચર્ચા કરી હતી અને L&T - Sufin દેશના SME ઉદ્યોગોને કઇ રીતે મદદરૂપ થશે તે અંગે જાણકારી આપી હતી. એલ એન્ડ ટી સાથે દેશભરમાં ૮૦ થી ૯૦ હજાર એમએસએમઇ રજિસ્ટર્ડ છે. આ બધા એમએસએમઇ એકજ પ્લેટફોર્મ ઉપર આવીને ઇન્ટરનલ બિઝનેસ કરી શકે તે હેતુથી એલ એન્ડ ટી દ્વારા L&T - Sufin લોન્ચ કરવામાં આવ્યું છે. આથી તેમણે ચેમ્બરના માધ્યમથી દક્ષિણ ગુજરાતના એમએસએમઇને પણ એલ એન્ડ ટીના આ પ્લેટફોર્મ સાથે જોડાઇ તેનો લાભ લેવા માટે ઉદ્યોગકારોને અનુરોધ કર્યો હતો.